રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાં આવેલ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય બંધ કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭૪/છ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૯/૦૩/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૮/૦૧/૨૦૨૧નો સમાન ક્રમાંકનો ઠરાવ

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૯/૦૧/૨૦૨૧નો સમાન ક્રમાંકનો ઠરાવ

(3) તા.૧૮/03/૨૦૨૧ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠક.

ઠરાવ.

વંચાણે લીધેલ ક્રમ (૧) અને (૨) સામેના ઠરાવોથી રાજ્યની તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે. પરંતુ હાલમાં રાજ્યમાં કોરોના (કોવિડ-૧૯) ના સંક્રમણને ધ્યાને લેતા તા.૧૮/03/૨૦૨૧ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર તા.૧૦/૦૪/૨૦૨૧ અથવા અન્ય સુચનાઓ ન મળે ત્યા સુધી રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાં આવેલ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય બંધ કરવામાં આવે છે. જ્યારે ઓનલાઇન શિક્ષણકાર્ય ચાલુ રહેશે.

આઠ મહાનગરપાલિકાઓ સિવાયના વિસ્તારમાં SOPની માર્ગદર્શિકા મુજબ પ્રત્યક્ષ શિક્ષણકાર્ય ચાલુ રાખવા ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(બી.એસ. પટેલ)
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ

ક્રમાંક:માવિ.૬/પરીપત્ર/૨૦૨૧/ ૯૩૬૬૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૨૦ /૦૩/૨૦૨૧

<u>નકલ રવાના જાણ તથા અમલ સારૂં.</u>

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner